પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૧૨ | ૨૪ જાન્યુઆરી, ૨૦૨૦, શુક્રવાર; પોષ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આસામમાં ૬૪૪ ઉગ્રવાદીઓનું આત્મસમર્પણ

**૧૭૭ હથિયારો સાથે ઉગ્રવાદીઓની મુખ્યમંત્રીની હાજરીમાં શરણાગતિ : ચૂંટણી પહેલાં આસામ સરકારને મળી મોટી સફળતા : આત્મસમર્પણ કરેલા ઉગ્રવાદીઓને પોલીસમાં સ્થાન આપશે : નવ જીવન શરૂ કરશે : સરેન્ડર કરનારમાં ઉલ્ફા, NDFB, RNLF, KLO, CPI, NSLA, ADF અને NLFBના સભ્યો**

ગુવાહાટી,તા.૨૩

છેલ્લાં ઘણા સમમય થી અશાંતગ્રસ્ત આસામ રાજયમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે અને રાજ્ય ઘણા લાંબા સમયથી ઉલ્ફા સહિતના અન્ય ઉગ્રવાદી સંગઠનોના ઉગ્રવાદીઓની હિંસાત્મક પ્રવૃતિઓનો સામનો કરી રહ્યું છે ત્યારે આસામ સરકારે એક મોટી સફળતામાં ઉલ્ફા સહિતના ૮ ઉગ્રવાદી સંગઠનોના એક સાથે ૬૪૪ જેટલા ઉગ્રવાદીઓને શરણાગતિ માટે તૈયાર કરીને તેમની શરણાગતિ સ્વીકારીને તેમણે આચરેલી હિંસાત્મક પ્રવૃતિઓ માફ કરીને તેમને માનભેર જીવવા આસામ




પોલીસમાં સ્થાન આપવાના નિર્ણયથી ઘણાંને આ તબક્કે બોલીવુડના ધી ગ્રેટ શો મેન રાજકપૂરની ફિલ્મ "જીસ દેશ મેં ગંગા બહતી હૈ:ના એ દ્રશ્યો પણ યાદ આવ્યાં જેમાં સંખ્યાબંધ ખૂંખાર ડાકૂઓને ફિલ્મનો હિરો આત્મસમપર્ણ માટે પોલીસ પાસે લઈ આવે છે. નોંધનીય બાબત એ પણ છે કે મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી અર્જુનસિંહે પણ એ કતે ચંબલના ખૂંખાર ડાકૂઓનું આત્મસમપર્ણ કરાવ્યું હતું. અને આજે આસામના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલે પણ આસામની શાંતિ માટે એક સાથે ૬૦૦ કરતાં વધુ આતંકીઓને શરણે લાવવાનું કામ કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## એર ઈન્ડિયાના દ્વિપક્ષીય સેવા કરારો ખુબ સારા છે : ગોયેલ

નવીદિલ્હી, તા. ૨૩

પિયુષ ગોયલે દાવોસમાં આયોજિત વર્લ્ડ ઈકોનોમિક ફોરમના અધિવેશનમાં કહ્યું હતું કે જો હું પ્રધાન ન હોત તો એર એરિયા માટે બોલી લગાવી હોત. ગોયલ મોદી સરકારમાં વાણિજ્ય અને રેલ્વે પ્રધાન છે. 'સ્ટ્રેટેજિક આઉટલુક ઈન્ડિયા' સત્રમાં તેમને એર ઈન્ડિયા, બીપીસીએલ અને જાહેર ક્ષેત્રના અન્ય ઉપક્રમોના ડિસઈન્વેસ્ટમેન્ટ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે જ્યારે આપણે પહેલી વાર સત્તામાં આવ્યા ત્યારે અર્થવ્યવસ્થા ખૂબ જ ખરાબ હાલતમાં હતી. ગોયલે કહ્યું કે સત્તામાં આવ્યા પછી અમે ઘણા સુધારા કર્યા

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીર મુદ્દે ત્રીજા પક્ષની ભૂમિકા જ નથી

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારતે ગુરુવારે ફરી એકવાર સ્પષ્ટતા કરી હતી કે કાશ્મીર મુદ્દે કોઈ તૃતીય પક્ષની કોઈ ભૂમિકા નથી અને વાતચીત માટે યોગ્ય વાતાવરણ બનાવવાની પાકિસ્તાનની જવાબદારી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે પત્રકારોને જણાવ્યું હતું કે, કાશ્મીર મુદ્દે અમારું વલણ સ્પષ્ટ અને સ્થિર છે. કાશ્મીર મુદ્દે કોઈ તૃતીય પક્ષની ભૂમિકા નથી. '' વિદેશ મંત્રાલયના પ્રવકતાને ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદના સમાધાનમાં મદદ કરવા વિશે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે કાશ્મીર અંગે અમારું વલણ સ્પષ્ટ અને સ્થિર છે, કોઈ તૃતીય પક્ષની તેમાં ભૂમિકા નથી. અને જો કોઈ દ્વિપક્ષીય મુદ્દો આવે છે તો બંને દેશોએ દ્વિપક્ષીય રીતે સમાધાન કરવું જોઈએ જે સિમલા કરાર અને લાહોર ઘોષણા હેઠળ છે.

કાશ્મીર મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે એક વાર ફરી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થતાની રજૂઆતને ભારતે ઠુકરાવી દીધી છે.

સ્વિટ્ઝરલેન્ડના શહેર દાવોસમાં વિશ્વ આર્થિક મંચથી પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાનથી મુલાકાત દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પના કાશ્મીર પર મદદની વાત પર ભારતે પ્રતિક્રિયા આપતા કહ્યુ કે કાશ્મીર એક દ્વિપક્ષીય મામલો છે. અહીં પર ત્રીજા પક્ષની મધ્યસ્થાની કોઈ જગ્યા નથી.

## નિર્ભયાના દોષિતો વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કરનારા જજની ટ્રાન્સફર

ન્યુ દિલ્હી,તા.૨૩

નિર્ભયા રેપ કાંડના દોષિત વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કરનારા જસ્ટિસ સતીશ કુમાર અરોરાની ટ્રાન્સફર થઈ ગઈ છે. દિલ્હી પટિયાલા હાઉસ કોર્ટમાં એડિશનલ સેશન્સ જસ્ટિસ તરીકે ફરજ બજાવનારા સતીશ અરોરાને સુપ્રીમ કોર્ટમાં મોકલી દેવાયા છે. સુપ્રીમ કોર્ટમાં તેમને એડિશનલ રજિસ્ટ્રાર તરીકે એક વર્ષ માટે ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યા છે. વર્ષ ૨૦૧૨માં દિલ્હીમાં થયેલા ગેંગરેપના ચારેય દોષિતો વિરુદ્ધ ડેથ વોરન્ટ જાહેર કર્યુ હતું. આ મામલે છેલ્લા ઘણા સમયથી કોર્ટમાં સુનાવણી થતી હતી. પરંતુ હવે ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ વહેલી સવારે છ વાગ્યે નિર્ભયાના દોષિતોને ફાંસી આપવાની જાહેરાત કરવામાં આવી છે.

## ભારતીય મુસ્લિમને કોઈ હાથ પણ લગાવી શકશે નહીં : રાજનાથ સિંહ

મેરઠ,તા.૨૩

નાગરિકતા સુધારણા કાયદાના સમર્થનમાં ભાજપ દ્વારા આયોજીત રેલીને સંબોધિત કરતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે બુધવારે જણાવ્યું કે, કોઇ ભારતીય મુસ્લિમને કોઈ હાથ પણ લગાવી શકશે નહીં. અમે સરકાર નહીં પરંતુ દેશ બનાવવાની રાજનીતિ કરીએ છીએ.

રાજનાથ સિંહે મેરઠના માધવકુંજ મેદાનમાં નાગરિકતા સુધારણા કાયદાના સમર્થનમાં આયોજીત એક રેલીને સંબોધિત કરતા જણાવ્યું હતું કે, આ કાયદાને હિન્દુ-મુસ્લિમની દ્રષ્ટિએ જોવો જોઈએ નહીં. આપણા વડાપ્રધાન ધર્મથી આગળ વધીને ન્યાયની વાત કરે છે. ગાંધીજીએ જણાવ્યું હતું કે ધર્મના આધારે ભાગલા થશે નહીં.

રક્ષા મંત્રીએ જણાવ્યું હતુ કે, પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં ધાર્મિક લઘુમતિઓ મુશ્કેલીમાં જીવન પસાર કરી રહ્યા છે અને ભારતે પોતાના ધર્મનું પાલન કર્યુ છે. અમે ધર્મની રાજનીતિ કરતા નથી. તેમણે સવાલ કરતા જણાવ્યું કે, શું નાગરિકોનું રજિસ્ટર હોવું જોઇએ કે નહીં? સરકારી યોજનાનો લાભ લેવા માટે દસ્તાવેજ હોવા જોઈએ કે નહીં?

## પાકિસ્તાનમાંથી ભારતમાં થતી નિકાસ ઘટીને ૨૮૬.૬૦ ડૉલર થઈ

ન્યુ દિલ્હી,તા.૨૩

ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ સંબંધોને પગલે બન્ને દેશ વચ્ચેના વેપાર પર ભારે પ્રતિકૂળ અસર જોવા મળી છે. સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન દ્વારા તાજેતરમાં જારી કરવામાં આવેલી માહિતી પ્રમાણે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિના દરમિયાન દ્વિપક્ષીય વ્યાપાર વોલ્યુમમાં નોંધપાત્ર પ્રમાણમાં ઘટાડો થયો છે. આ અવધી દરમિયાન પાકિસ્તાનથી ભારતમાં થતી નિકાસ નોંધપાત્ર પ્રમાણમાં ઘટીને ૧૬.૮ મિલિયન ડોલર થઈ છે, જે વર્ષ ૨૦૧૮-૧૯ના પ્રથમ છ મહિનાના ગાળામાં ૨૧૩ મિલિયન ડોલર હતી.

કેનેડા PR તથા Study પર અગત્ય નો
ફ્રી સેમિનાર
R 532213
શ્રી પાર્થેશ ઠક્કર દ્વારા
• કેનેડા PR માટેના અલગ અલગ પ્રોગ્રામ જેવા કે EXPRESS ENTRY, PNP, BUSINESS IMMIGRATION, AIPP તથા બીજા IMMIGRATION Pilot Programs ની વિગતવાર માહિતી મળશે.
• કેનેડીયન Govt. દ્વારા માન્ય ICCRC મેમ્બર શ્રી પાર્થેશ ઠક્કર ને રૂબરૂ મળવાની સુવર્ણ તક સાથે કેનેડા માં કાયમી વસવાટ કરવા માટે નું સાચું માર્ગદર્શન.
• શ્રી પાર્થેશ ઠક્કર 17 વર્ષ નો VISA ક્ષેત્રમાં બહોળો અનુભવ ધરાવે છે તથા તેમના દ્વારા સંચાલિત "ANGEL GROUP OF COMPANIES" આંબાવાડી,બોપલ, મણિનગર તથા ટોરેન્ટો (કેનેડા) માં શાખા ધરાવે છે આ ઉપરાંત શ્રી પાર્થેશ ઠક્કર "IELTS" પરીક્ષા માટે WRITING તથા SPEAKING પર પણ પુસ્તક લખી ચુકયા છે.
વહેલા તે પહેલા ના ધોરણે (600 Seats) રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
Angel Visa & Immigration
26th Jan. 2020
10am to 12pm
99241 69112
96877 70481
079 2630 5110
079 4006 7556
સ્થળ: JB Auditorium, AMA Campus, IIM Road, A'bad.
info@angeledunext.com
www.angeledunext.com | www.partheshthakkar.com
H.O. : AMBAWADI 304, The Grand Mall, Nehrunagar, A'bad.
Branch : Bopal - Maninagar - Toronto (CANADA)

## 'જીવનની છેલ્લી ઈચ્છા શું છે?' નિર્ભયાના દોષિતોને પુછાયુ

**પોતાની અંતિમ મુલાકાત કોની સાથે કરવા ઇચ્છે છે તેવો પણ પ્રશ્ન કરવામાં આવ્યો : ફાંસીને લઇ દોષિતો ભયભીત**



નવી દિલ્હી,તા. ૨૩

તિહાર જેલમાં રહેલા નિર્ભયાના ચારેય અપરાધીને જેલ વહીવટીતંત્રે હવે નોટીસ ફટકારીને તેમની અંતિમ ઈચ્છા જાણવા માટેના પ્રયાસ કર્યા છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે તેમને ફાંસી આપવામાં આવનાર છે ત્યારે તેમના મનની વાત જાણવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. ફાંસી પહેલા તેઓ કોને અંતિમ વખત મળવા માંગે છે. તેમના નામ પર જો કોઇ પ્રોપર્ટી છે તો અન્ય કોઇના નામ પર ટ્રાન્સફર કરવા માટે ઈચ્છુક છે કે કેમ તે બાબત પણ જાણવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કોઈ ધાર્મિક પુસ્તક વાંચવા માંગે છે કે કેમ તે અંગે પણ તેમની ઈચ્છા જાણવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે. જેલ તંત્ર દ્વારા કહેવામાં આવ્યુ છે કે આ તમામ પૈકી કોઇ ઈચ્છા છે તો આ ઈચ્છા તેમની પૂર્ણ કરવામાં આવી શકે છે. બીજી બાજુ એવા હેવાલ મળ્યા છે કે ચારેય દોષિત ભયભીત થયેલા છે. ચાર પૈકી એકે જીવન ખતમ થવાના ભયથી ભોજન બંધ કરી દેતા તેની ચર્ચા છે. જ્યારે અન્ય એક અપરાધી પણ ચિંતાતુર છે. મંગળવારના દિવસથી પવનના ભોજનમાં એકાએક કમી આવી રહી છે. મુકેશ અને અક્ષય પર હાલમાં કોઇ અસર દેખાઇ રહી નથી. મુકેશની પાસે તો જેટલા પણ વિકલ્પ હતા તે તમામ વિકલ્પોનો ઉપયોગ કરવામાં આવી ચુક્યો છે. તેની દયાની અરજી પણ રાષ્ટ્રપતિ દ્વારા અસ્વીકાર કરવામાં આવી ચુકી છે. હવે અન્ય ત્રણની પાસે દયાનવી અરજી દાખલ કરવા અને બેની પાસે ક્યુરેટિવ અરજી દાખલ કરવાના વિકલ્પ રહેલા છે. જો કે આ તમામ અપરાધીઓને બાકીના વિકલ્પો પણ વહેલી તકેઉપયોગ કરવાની ફરજ પડશે. કારણ કે ફાસીની તારીખ બિલકુલ નજીક આવી ચુકી છે. નિર્ભયાના દોષિતો પર બાજ નજર રાખવામાં આવી રહી છે. બીજી બાજુ જલ્લાદને બોલાવી લેવા માટેની તારીખ પણ નજીક આવી રહી છે. ચાર કેદીઓ માટે ૩૨ સિક્યુરિટી ગાર્ડ હવે રાખવામાં આવેલા છે.

## ઈમ્ફાલમાં આઈડી બ્લાસ્ટ

મણિપુરની રાજધાની ઈમ્ફાલના પશ્ચિમી વિસ્તારમાં ગુરૂવારના સવાર IED બ્લાસ્ટ થયો છે. આ બ્લાસ્ટ પશ્ચિમી ઈમ્ફાલના નાગમપાલ રિમ્સ માર્ગ પર થઈ છે. ઘટનાસ્થળ પર સુરક્ષા દળ ઉપસ્થિત છે. બ્લાસ્ટમાં જો કે હાલ કોઈ જાનહાનિના અહેવાલ પ્રાપ્ત થયા નથી. મણિપુરના રાજધાની ઈમ્ફાલના નાગમપાલ રિમ્સ રોડ પર આજરોજ સવારે આઈઆઈડી બ્લાસ્ટ થયો છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

## દેવિન્દરસિંહને ૧૫ દિવસના એનઆઈએ રિમાન્ડ

જમ્મુ, તા. ૨૩

જમ્મુ-કાશ્મીર પોલીસના ડીએસપી દેવીન્દર સિંહની સાથે બરતરફ થયેલા આતંકવાદીઓ અને ત્રણ અન્યને એનઆઈએ કોર્ટે ૧૫ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે. ડીએસપી સહિત ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સમજાવો કે દેવીંદર સિંહને ૧૧ જાન્યુઆરીએ ત્રણ હિઝબુલ મુજાહિદીન આતંકવાદીઓ સાથે ધરપકડ કરવામાં આવી હતી. ગુરુવારે એનઆઈએ ટ્રાન્ઝિટ રિમાન્ડ પર દેવિંદર સિંહ સાથે જમ્મુ પહોંચ્યો હતો. તેને અહીંની એનઆઈએ કોર્ટમાં રજૂ કર્યો. કોર્ટે તમામ આરોપીઓને ૧૫ દિવસના એનઆઈએ રિમાન્ડ પર મોકલી દીધા છે. ડીએસપી પર આરોપ છે

● અનુસંધાન પાન-૭ પર

પ્રથમ માસિક પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. રેખાબેન મુકેશભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૨૪/૧૨/૨૦૧૯

સ્વજન ગુમાવ્યાની વેદના શબ્દોમાં સમાતી નથી.
તમે હતા તો અમને હૂંફ હતી, તમારી હયાતી આરું આત્મબળ હતું.
જીવન એવું જીવી ગયા કે સદા સૌ યાદ કરે,
કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
શું આપીએ પુષ્પાંજલિ, પુષ્પો ઓછા પડે છે.
કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય કાળજુ કંપાવી ગઈ.
મન હજુ માનતું નથી કે, તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

મુકેશકુમાર દેવીદાસભાઈ પટેલ
(નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર)

દેવીદાસ ભુરાભાઈ પટેલ | સ્વ. નિરંજનાબેન દેવીદાસ પટેલ
ધ્રુવકુમાર દેવીદાસ પટેલ | અરૂણાબેન ધ્રુવકુમાર પટેલ
નિસર્ગ મુકેશકુમાર પટેલ | દેવામી નિસર્ગ પટેલ
જય મુકેશકુમાર પટેલ | કૃતિ જય પટેલ

–: FIRM :–
ANANT INFRAPLUS L.L.P.
FRONT DOOR MEDIA PRODUCTION
ANANYA VASTRAM